વડીલોને વંદન અભિનંદન

દિનેશભાઈ કે. ચૌહાણ
(૧૯૫૭) મો.૯૪૨૭૦૧૦૫૫૫

ગિરીષ યાદવ
(૧૯૪૦)

કૌશિક જયદેવભાઈ ભટ્ટ
(૧૯૪૭)

રમણલાલ વાળંદ
(૧૯૩૧) ફોન: ૨૩૨૩૯૯૭૧

સરદાર પટેલની પ્રતિમા નિર્માણ માટે ગામદીઠ કિસાન ઓજારો એકત્રિત કરવાનું રાષ્ટ્રીય અભિયાન

અખંડ ભારતના શિલ્પી - લોહ પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની અત્યાર સુધીની સૌથી ઊંચી

ધરતીની સુગંધવાળું લોખંડનું કૃષિ ઓજાર 'સ્ટેચ્યુ ઑફ યુનિટી' માટે આપીને ભારતનો કિસાન આ અભિયાન સાથે ભાવનાત્મક રીતે જોડાય : શ્રી રમણલાલભાઈ વોરા

એવી ૧૮૨ મીટરની પ્રતિમા - 'સ્ટેચ્યુ ઑફ યુનિટી'ના નિર્માણમાં સમગ્ર ભારતની કિસાન શક્તિ અને ગ્રામ શક્તિ સહિત જન ભાગીદારીને જોડવાના મહાન અભિયાનના ભાગરૂપે ગુજરાતના સામાજિક ન્યાય અને અધિકારીતા તથા રમત ગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગના મંત્રી શ્રી રમણલાલભાઈ વોરા અને કુટિર ઉદ્યોગ તથા મીઠા ઉદ્યોગના રાજ્યમંત્રી શ્રી વાસણભાઈ આહીરે આસામ રાજ્યના પાટનગર ગુવાહાટીની મુલાકાત લીધી હતી.

મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી હાથ ધરાયેલા આ અભિયાન અંતર્ગત ગુવાહાટીના પ્રાગ જ્યોતિ ઈન્ડિયન ટી એસોસીએશનના સેમિનાર હોલ ખાતે યોજાયેલા વર્કશોપમાં મંત્રીશ્રી રમણલાલભાઈ વોરાએ ભારતના સાડા સાત લાખ ગામડામાંથી કિસાનોએ કૃષિમાં વાપરેલા ઓજારનું લોખંડ લોહ પુરુષની પ્રતિમા માટે આપવાની અપીલ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, પોતાની ધરતીની માટીની સુગંધવાળું લોખંડનું ઓજાર 'સ્ટેચ્યુ ઑફ યુનિટી' માટે આપીને ભારતનો દરેક કિસાન આ અભિયાન સાથે ભાવનાત્મક રીતે જોડાય. તેમણે આસામ ઉપરાંત અરુણાચલ પ્રદેશ, મેઘાલય, મિઝોરમ, નાગાલેન્ડ તથા ત્રિપુરાના "તિનિધીઓને પોતપોતાના રાજ્યોની ગ્રામ પંચાયતોના સરપંચની તસવીરો સાથે કૃષિ ઓજારનું લોખંડ અને ગામની માટી એકત્ર કરવાના અભિયાનમાં જોડાઈ જવા હાકલ કરી હતી.

ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ "એક ભારત શ્રેષ્ઠ ભારત"નું સપનું સાકાર કરવાના સંકલ્પ સાથે ગત ૩૧મી ઓક્ટોબરના રોજ સરદાર જયંતીએ આ "સ્ટેચ્યુ ઓફ યુનિટી"નો સરદાર સરોવર યોજના ખાતે શિલાન્યાસ કર્યો ત્યારે જણાવ્યું હતું કે, 'આ પ્રતિમાની ઉંચાઈ કેવળ મીટર કે ફુટમાં નહીં, પરંતુ શૈક્ષણિક, ઐતિહાસિક, રાષ્ટ્રીય અને આધ્યાત્મિક મૂલ્યોના સંદર્ભમાં પણ અધિક હશે. મારૂં સ્વપ્ન આવનારી સદીઓ માટે આ સ્થળને એક પ્રેરણા સ્ત્રોતના સ્વરૂપમાં વિકસીત કરવાનું છે.' ગુજરાતે દેશની જનશક્તિને જોડીને આ સપનાંને સાકાર કરવાનો સંકલ્પ કર્યો છે. આ સંકલ્પને સિદ્ધ કરવા કિસાનો અને નાગરિકોને પણ યોગદાન આપવા શ્રી રમણલાલભાઈ વોરા એ ભારપૂર્વક અનુરોધ કર્યો છે.

કુટિર ઉદ્યોગ તથા મીઠા ઉદ્યોગના રાજ્ય મંત્રી શ્રી વાસણભાઈ આહીરે પ્રાસંગીક ઉદ્બોધનમાં જણાવ્યું હતું કે, 'ગુજરાતના દીર્ઘદ્રષ્ટા મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના સ્ટેચ્યુ ઑફ યુનિટીના વિચારથી આવનારી પેઢી સદીઓ સુધી સરદાર વલ્લભભાઈ પટેલના ઐતિહાસિક યોગદાનને સ્મરણમાં રાખશે. વિશ્વની આ સૌથી પ્રતિમાના નિર્માણમાં ભારતનો ખેડૂત અને સામાન્ય નાગરિક પોતાનું યોગદાન આપીને દેશની એકતા અને અખંડતામાં પોતાનું અર્ઘ્ય અર્પણ કરશે.'

ભારતનો ખેડૂત અને સામાન્ય નાગરિક દેશની એકતા અને અખંડતામાં પોતાનું અર્ઘ્ય અર્પણ કરશે : શ્રી વાસણભાઈ આહીર

આગામી તારીખ ૧૫મી ડિસેમ્બરે; સરદાર વલ્લભભાઈ પટેલની પુણ્યતિથીએ સમગ્ર ભારતમાં ૫૬૫ સ્થળોએ ૨ કિ.મી.ની 'રન ફોર યુનિટી' યોજાશે. આ દોડમાં જોડાવા તેમણે સૌ નાગરિકોને અપિલ કરી હતી

આસામ, અરુણાચલ પ્રદેશ, મેઘાલય, મિઝોરમ, નાગાલેન્ડ તથા ત્રિપુરામાં હાથ ધરાયેલું કિસાન ઓજારો એકત્રિત કરવાનું રાષ્ટ્રીય અભિયાન

સમગ્ર ભારતની ૧.૬૭ લાખ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં આગામી ડિસેમ્બર તથા જાન્યુઆરી મહિનામાં સરદાર વલ્લભભાઈ પટેલ અને તેમના મુલ્યો આધારિત નિબંધ તથા સૂત્ર લેખન સ્પર્ધાઓ યોજાશે. આ તમામ સ્પર્ધાઓમાં પણ ભાગ લેવા તેમણે નાગરિકોને અનુરોધ કર્યો હતો.

આ બેઠકમાં લોહા સંગ્રહણ સમિતીના અધ્યક્ષશ્રી ઓમપ્રકાશ ધનખડ, ઉત્તર-પૂર્વીય રાજ્યો તથા ઝારખંડના એરિયા કો-ઓર્ડીનેટર શ્રી સરયુ રાય, ગુવાહાટીના સાંસદ સુશ્રી બિજોયા ચક્રવર્તી, શ્રી ગુજરાત વેલ્ફેર સોસાયટી, ગુવાહાટીના પ્રમુખ શ્રી સંજયભાઈ શાહ, સરદાર પટેલ ટ્રસ્ટના શ્રી શોભન વ્યાસ, આસામ ચેમ્બર ઑફ કોમર્સના પ્રતિનિધિઓ, ગુવાહાટીની સ્વેચ્છિક, સામાજિક અને સાંસ્કૃતિક સંસ્થાઓના પ્રતિનિધીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

૬૫૦ થી વધુ એચઆઈવી અસરગ્રસ્તોનો હુંફાળો સધિયારો બનેલી ગાંધીનગરની ગાંધીએનપી + સંસ્થા

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર નેટવર્ક ઓફ પીપલ લીવીંગ વીથ એચઆઈવી એઈડ્સે ગાંધીનગર જિલ્લાના એચઆઈવી પોઝીટીવ લોકોનું સંગઠન છે. જે જિલ્લાના એઈડ્સગ્રસ્ત દર્દીઓ માટે કાર્યરત છે. આ સંસ્થાની સ્થાપના તા. ૨૯મી માર્ચ-૨૦૧૨ના રોજ સાત એચઆઈવી ગ્રસ્ત વ્યક્તિઓ દ્વારા કરવામાં આવી હતી. જેનો હેતુ આ મહારોગ સાથે જીવતા લોકો માટે સક્ષમ અને સાનુકુળ વાતાવરણ તૈયાર કરવાનો છે.

એચઆઈવી પોઝીટીવ લોકોને કલંક અને ભેદભાવ વિના યોગ્ય સારવાર મળી રહે તેમજ તેમના માનવ અધિકારનું રક્ષણ થાય અને સમાજમાં તેમનો સ્વિકાર થાય તે હેતુથી આ સંસ્થા દ્વારા જિલ્લામાં લગભગ ૬૫૦ થી વધુ અસરગ્રસ્તોને સેવાઓ આપવામાં આવી રહી છે. ગાંધીએનપી + તરીકે ઓળખાતી આ સંસ્થા દ્વારા વિહાન કેર એન્ડ સપોર્ટ સેન્ટર, પીપીટીસીટી, જતન પ્રોજેક્ટ જેવા કાર્યો હાથ ધરવામાં આવેલા છે. જેમાં વિહાન પ્રોજેક્ટ દ્વારા જિલ્લાના તમામ એચઆઈવી પોઝીટીવ લોકોને સારવારની સાથે સાથે તંદુરસ્તીભર્યુ અને લાંબુ જીવન જીવી શકે તે માટે સેતુરૂપ કાર્ય કરવામાં આવી રહ્યું છે. સરકાર દ્વારા મળતી યોજનાઓ જેવી કે તબીબી સહાય, બાળકો માટેની શિષ્યવૃત્તિ, પાલક માતા પિતા યોજના, વિધવા પેન્શન અને અન્ન-પુરવઠા વિભાગ દ્વારા એચઆઈવી પોઝીટીવ લોકોને અંત્યોદય યોજનાનો લાભ મળે તેવા પ્રયત્નો વિહાન પ્રોજેક્ટ દ્વારા કરવામાં આવે છે. પીપીટીસીટી પ્રોજેક્ટ અંતર્ગત તમામ સગર્ભા મહિલાઓનું એચઆઈવી ટેસ્ટીંગ સરકારી હોસ્પિટલમાં થાય તે હેતુથી કાર્ય કરાય છે. આ ઉપરાંત જતન પ્રોજેક્ટ દ્વારા એચઆઈવી એઈડ્સની સારવાર માટે સરકારી હોસ્પિટલમાં આવવા જવાના ખર્ચ માટે તમામ અસરગ્રસ્તોને મુસાફરી ભથ્થુ આપવામાં આવે છે. તેમજ આ પ્રોજેક્ટ સરકાર દ્વારા ગુજરાતના તમામ જિલ્લામાં ચલાવવામાં આવે છે. આજના વિશ્વ એઈડ્સ જાગૃતિ દિને આ મહામારી સામે લડતા આ રોગના શિકાર લોકોના આ પ્રયત્નને અને તેમના જુસ્સાને સો સો સલામ...!

વૈદ્યાનિક સંસદીય વિભાગોનો હવાલો આઈ.એ.એસ. અધિકારી પાસે

ગાંધીનગર, તા. ૩૦

સંસદીય અને વૈદ્યાનિક વિભાગના સચિવનો હવાલો આઈ.એ.એસ. અધિકારીને આપવામાં આવતા કેટલાક કાયદાઓના નિયમો ઘડવાની કામગીરીમાં અનેક મુશ્કેલીઓ ઉભી થવા પામી હોવાનું જાણવા મળે છે.

સંસદીય અને વૈદ્યાનિક બાબતોના વિભાગ સાથે સંકળાયેલ અત્યંત વિશ્વાસપાત્ર સૂત્ર પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આ વિભાગની મુખ્ય કામગીરી રાજ્ય સરકાર દ્વારા ઘડવામાં આવતા કાયદાના મુસદ્દા તેમજ નિયમો ઘડવાની છે. અને આ કામગીરી માટે લીગલ (કાયદાકીય)ના જાણકાર અધિકારીઓ હોવા જરૂરી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ છેલ્લા કેટલાક સમયથી આ વિભાગના સચિવની ખાલી પડેલી જગ્યા ભરવામાં આવી નથી અને એક આઈ.એ.એસ. અધિકારીને આ વિભાગનો ચાર્જ સોંપવામાં આવ્યો છે.

સૂત્રોના જણાવ્યાનુસાર હાલમાં આ વિભાગનો ચાર્જ આઈ.એ.એસ. અધિકારી પાસે હોવાને કારણે અને લીગલ સાઈડના અધિકારીની નિમણુંક કરવામાં આવી ન હોવાને કારણે કેટલાક કાયદાઓના નિયમો ઘડવાની કામગીરીમાં મુશ્કેલીઓ ઉભી થવા પામી છે અને પ્રક્રિયા વિલંબમાં પડવા પામે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ તાજેતરમાં મળેલી એક ઉચ્ચ અધિકારીઓની મળેલી બેઠકમાં વૈદ્યાનિક અને સંસદીય બાબતોના વિભાગોએ એવી વિગતો રજુ કરી હતી કે કૃષી અને સહકાર વિભાગમાં ગુજરાત મનીલેન્ડર્સ એક્ટ ૨૦૧૧ અને ગુજરાત વેરહાઉસીંગ એક્ટ ૨૦૦૬ અન્વયે નિયમો ઘડવાની કામગીરી બાકી છે. આ ઉપરાંત આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હસ્તકના ગુજરાત નર્સીંગ હોમ્સ રજીસ્ટ્રેશન એક્ટ-૧૯૪૯ અને નવા કાયદામાં ગુજરાત એનીટોમી એક્ટ-૨૦૧૧ અને ગુજરાત ઈમરજન્સી મેડીકલ સર્વિસીસ-૨૦૦૭ અન્વયે ઘડવાના થતા નિયમો સત્વરે પૂર્ણ કરવા પણ આ વિભાગને સૂચનાઓ આપવામાં આવી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ કેટલાક કાયદાઓના નિયમો ઘડવામાં આવ્યા ન હોઈ આવા કાયદાઓ ઘડવામાં આવ્યા પછીથી તેના અમલીકરણમાં વિલંબમાં થવા પામ્યો છે. પ્રાપ્ત વિગતો મુજબ છેલ્લા વધી દરમ્યાન ઘડવામાં આવેલ કાયદાઓના નિયમો ઘડવાના બાકી હોઈ તો આ નિયમો ઘડવાની કામગીરી સત્વરે પૂર્ણ કરવા માટે સંબંધીત વિભાગોને સૂચનાઓ આપવામાં આવી છે.

રન ફોર યુનિટી કાર્યક્રમને સફળ બનાવવા અપીલ

પાલનપુર, તા. ૩૦

રાષ્ટ્રના લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની પુણ્ય તિથિ દિવસ તા. ૧૫ ડિસેમ્બરના રોજ રાજ્યભરમાં યોજવામાં આવશે. આ કાર્યક્રમમાં સ્વામી વિવેકાનંદ યુવા વિકાસ કેન્દ્રોએ સાથ આપવા અનુરોધ કરવામાં આવ્યો છે. રન ફોર યુનિટી કાર્યક્રમ સરદાર સાહેબની પુણ્યતિથિ દિવસે સમગ્ર રાજ્યભરમાં યોજવામાં આવશે. જેમાં બનાસકાઠા જિલ્લા અને તાલુકા મથકે કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાં ગ્રામ્યસ્તરના મંડળો, વોર્ડ કક્ષાના મંડળો ભાગ લેશે. રન ફોર યુનિટીમાં ભાગ લેવા ડબલ્યુ બલ્યુડબલ્યુ રન ફોર યુનિટી.કોમ વેબસાઈટ પર રજીસ્ટ્રેશન કરી કાર્યક્રમને સફળ બનાવવા જિલ્લાના યુવા કેન્દ્રના ચેરમેન રમેશ પટેલ દ્વારા જણાવવામાં આવ્યું છે.

હનુમાનજી મંદિર ડભોડા ખાતે સુંદરકાંડ પાઠ

ગાંધીનગર, તા.૩૦

પંચમ સોપાન સુંદરકાંડના સંગીતમય પાઠનું શ્રી સંજયભારતી ગોસ્વામીની વ્યાસપીઠે તા. ૧-૧૨-૧૩ને રવિવારના રોજ રાત્રે ૮-૦૦ કલાકે ગાંધીનગર જિલ્લાના ડભોડા તીર્થ ખાતે હનુમાનજી મંદિર ખાતે સુંદરકાંડ પાઠનું ભવ્ય આયોજન કરવામાં આવ્યુ છે. સંગીતમય સુંદરકાંડ પાઠમાં ડભોડીયા હનુમાન પધારવા ભકતોને નિમંત્રણ છે.

ભારતીય જનતા પાર્ટીના વિવિધ સેલ અને મોરચાની બેઠકો યોજાઈ

અમદાવાદ, તા.૩૦

ભારતીય જનતા યુવા મોરચાના પ્રદેશ મહામંત્રી હિતેષભાઈ પટેલ અને હિરેનભાઈ હિરપરાએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે આજરોજ ભારતીય જનતા યુવા મોરચાના અધ્યક્ષ પ્રદિપસિંહ વાઘેલાની ઉપસ્થિતિમાં ખાનપુર, પ્રદેશ કાર્યાલય ખાતે મીડીયા, આઈટી, સોશીયલ મીડીયા અને રચનાત્મક સેલોની બેઠક યોજાઈ હતી. જેમાં ભારતીય જનતા પાર્ટીના મીડીયા સેલના પ્રદેશ કન્વીનર ડો. હર્ષદ પટેલ અને આઈટી સેલના પ્રદેશ કન્વીનર રાજીકાબેન કચેરીયા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. મીડીયા સેલના પ્રદેશ કન્વીનર ડો. હર્ષદ પટેલે યુવા મોરચાના મીડીયા સેલના કાર્યકર્તાને સંબોધતા કહ્યું હતું કે, મીડીયામાં સચોટ અને મહત્વપૂર્ણ માહિતી ઝડપથી કેવી રીતે પહોંચે એ કામ મીડીયા સેલનું છે અને લોકસભાની ચૂંટણીમાં મીડીયા સેલના કાર્યકર્તાએ પાર્ટીને કેવી રીતે ઉપયોગી થાય તેની માહીતી આપી હતી. ત્યારબાદ આઈટી સેલના પ્રદેશ કન્વીનર રાજીકાબેન કચેરીયાએ આઈટી અને સોશીયલ મીડીયાને સંબોધતા જણાવ્યું હતું કે સોશીયલ મીડીયાના બહોળા ઉપયોગ દ્વારા પાર્ટીનો પ્રચાર કઈ રીતે વધુમાં વધુ કરી શકાય અને તેનું કામ બુથ સુધી પહોંચે તેમ કાર્યકર્તાઓને જણાવ્યું હતું. ઉપરોક્ત સેલોની બેઠકમાં પ્રદેશ અધ્યક્ષ પ્રદિપસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે સેલનું કામ તાલુકા-મંડળ સુધી કઈ રીતે લઈ જવું જોઈએ અને સેલોના કાર્યકર્તાઓ વધુ સારી રીતે કામ કરી શકે તેની માહિતી આપી હતી અને પાર્ટીને દરેક ક્ષેત્રે યુવા મોરચો કઈ રીતે પુરક બને તે માટે માર્ગદર્શન આપ્યું હતું.

નેનોનું ઉત્પાદન બંધ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઓટો હબ બનશે. ટાટા નેનો કાર પ્રોજેક્ટ પગલે ગુજરાતના હજારો યુવાનોને રોજગારી મળશે. પણ વાસ્તવિકતા એ છે કે, કેટલા સ્થાનિક લોકોને રોજગારી મળી તે અંગે કોઈ જાણકારી કંપની કે ગુજરાત સરકાર જાહેર કરી નથી. છ મહિનાન કરતા વધુ સમયથી ટાટા નેનો કારનું ઉત્પાદન બંધ છે. સરકારી તિજોરીના કરોડો રૂપિયાના લાભ લીધા પછી કંપની નાગરીકોને લાભ આપવાને બદલે નુકશાની સરભર કરી રહી છે. ટાટા નેનો કારની એક કારના ઉત્પાદનથી ગુજરાતના નાગરીકોને રૂપિયા ૬૬૦૦૦ બોજો પડે છે. ટાટા નેનો કંપનીએ પશ્ચિમ બંગાળના સીંગુરથી પોટલા ઉપાડીને ગુજરાતમાં કરોડ રૂપિયાના ફાયદા મેળવ્યા જેના લીધે સાણંદ વિસ્તારની ફળદુપ ખેતીની જમીન, જ્યાં વર્ષે દહાડે લાખો રૂપિયાની ડાંગર, બીટી, કપાસ, કઠોળ સહિતના પાકોની ખેતી સંપૂર્ણ નાશ પામી. ખેતી ગુમાવનાર આ વિસ્તારના ખેડૂતો અને તેના આધારિત રોજગારી મેળવનાર નાગરીકોને પરેશાનીમાં વધારો થયો છે. ડો. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, ઉદ્યોગપતિ રતન ટાટા કંપનીના લાભ માટે મુખ્યમંત્રીના બે લીટી વખાણ કરે તેમાં ગુજરાત સરકારની તિજોરીમાંથી કરોડો રૂપિયાની રાહત મેળવી પણ જે ટાટા નેનો કાર માટે ટાટા કંપનીને ૬ કરોડ નાગરીકોના ટેક્ષના નાણાંથી કરોડો રૂપિયાના લાભો મેળવ્યા, તે ઉદ્યોગપતિ રતન ટાટા તેમની ટાટા નેનો કાર સસ્તી કરની ભૂલ સ્વીકારી શકતા હોય તો લોકતંત્રમાં પ્રજાના ચૂંટાયેલા મુખ્યમંત્રી પોતાની ભૂલ સ્વીકારી સત્વરે ટાટા નેનો કારને અપાયેલ કરોડો રૂપિયાની કૃષિ યુનિવર્સિટીની જમીન પરત મેળવે.

કૉંગ્રેસ સાઈબર આર્મી ઝુંબેશની શરૂઆત થઈ : ઝોનલ ઇન્ચાર્જ નીમાયા

અમદાવાદ, તા.૩૦

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ ઈન્ફોર્મેશન ટેકનોલોજી સેલના ચેરમેન રોહન ગુપ્તા જણાવે છે કે કોંગ્રેસ સાઈબર આર્મી ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. આ ઝુંબેશના ભાગરૂપે કોંગ્રેસ સાઈબર આર્મી (આઈટી સેલ)નું વિસ્તરણ તાલુકા કક્ષા સુધી કરવામાં આવશે અને કોંગ્રેસ કાર્યકરો અને સમર્થકોની ટીમ બનાવીને સોશિયલ મીડીયાના અસરકારક ઉપયોગ માટે તાલીમ આપવામાં આવશે. આ ઉદ્દેશથી ઈન્ફોર્મેશન ટેકનોલોજી સેલના માળખાનું પુર્નઘટન કરવામાં આવી રહ્યું છે તેના ભાગરૂપે ઈન્ફોર્મેશન ટેકનોલોજી સેલના ઉપપ્રમુખોની યાદી નીચે મુજબ છે જે સાઈબર આર્મીના વિસ્તરણ માટે ઝોનલ ઈન્ચાર્જની ભૂમિકા પણ ભજવશે જેમાં ઝુબેર પટેલ, મહેન્દ્રસિંહ વાઘેલા, પ્રણય શુક્લા, ઝફર શેખ, મનોજ જોષી, મિલન ફુવાડીયા, અભિ શાહ અને દીપેન દલાલનો સમાવેશ થાય છે.

સંસ્થાઓ જોતરાશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

માણસા તાલુકામાં મળેલી સફળતા બાદ હવે તંત્રએ આ વખતે ગાંધીનગર તાલુકાની પસંદગી કરી છે.

આ સંસ્થાઓ ગ્રામ્ય વિસ્તારમાં જન-જાગૃતિની સાથે સાથે સ્વચ્છતા અભિયાન પણ હાથ ધરશે. આ અભિયાન અંતર્ગત સંસ્થાઓ અને તંત્ર તેમજ પંચાયતો પણ જોડાશે. સ્વચ્છ ગામ સ્વસ્થ ગ્રામ અંતર્ગત પુરસ્કારની યોજના પણ તંત્ર દ્વારા અમલી બનાવવામાં આવી છે.

આજે જિલ્લા વિકાસ અધિકારીશ્રીના અધ્યક્ષપદે મળેલ બેઠકમાં સ્વચ્છતા અભિયાન કાર્યક્રમની સમીક્ષા કરવામાં આવી હતી. આખા જિલ્લામાં આ અંગેની નબળી કામગીરી જોવા મળી રહી છે તેથી તંત્રએ પહેલીવાર સ્વૈચ્છીક સંસ્થાઓને આ કાર્યમાં જોતરી છે.

શબ્દાવલી - ૫૨૪૩



આડી ચાવી

૧. યાંત્રિક, મુસાફરી કરનાર (૪)
૪. બોટયા વગરનું (૩)
૬. આખુ, સમગ્ર (૩)
૭. ધીરે ધીરે નાશ થતો જવો, ... થવો (૨)
૮. ફુટપટ્ટી, મેજરટેપ (૪)
૧૦. હમાવાર છાપતી કોલમ (૫)
૧૩. તારવવું તે, તારવીને જુદુ કાઢવું તે (૪)
૧૪. પાણી..., પીવરાવવાની વિનંતી (૨)
૧૫. અધિકાર (૨)
૧૬. ઝાડુ, કચરો સાફ કરવાનું સાધન (૪)
૧૭. બધુંય (૩)
૧૮. એક સુંદર સુંવાળુ કાપડ (૪)

ઊભી ચાવી

૧. સાંબેલા ધારે વરસાદ વરસે તેને... વરસાદ પણ કહેવાય (૫)
૨. શાકભાજી (વ્યાકરણ અશુદ્ધિ) (૨)
૩. ફુટ (૨)
૪. અદૃશ્ય (૩)
૫. રીબીન (૩)
૮. હોંશિયાર, માહિતગાર (૩)
૯. માટીનું વાસણ પાકું બનાવવા માટે... પડે (૪)
૧૧. કુદરતી મનોરમ્ય.... માં ફરવું બધાને ગમે (૫)
૧૨. એક હિન્દી ફિલ્મ (૫)
૧૪. સેલ, શક્તિ (૩)
૧૫. નાહવાની જગ્યા (૩)
૧૬. જૈનો કેમ છો ની જગ્યાએ... બોલે (૨)
૧૭. એક તેલીબીયા (૨)

શબ્દાવલી ૫૨૪૨ના જવાબ

આડી ચાવી :- (૧) ભાવનાપ્રધાન (૬) મસા (૭) વીનર (૯) વાતાવરણ (૧૦) રણ (૧૧) ચુરમુ (૧૩) કપ (૧૫) રગતક (૧૬) લફરૂ (૧૮) હોકારો (૧૯) પંખો (૨૦) કોરોકટ (૨૧) રકમ

ઊભી ચાવી :- (૧) ભારવાહક (૨) નામવર (૩) પ્રસારણ (૪) નવી (૫) હીર (૮) નફરત (૧૧) ચુગલીખોર (૧૨) મુકડદમ (૧૪) પલકારો (૧૭) ફરોક (૧૮) હોકો

ટાઈમ લાઈન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રશિયાના રાષ્ટ્રપતિને મહાત આપી છે. ટાઈમ મેગેઝિને ૪૨ મહાનુભાવોની યાદી બનાવી છે જેમાં પાકિસ્તાની કિશોરી મલાલા, ટ્વિટરના સીઈઓ ડિંક કોસ્ટોલો, ઓસ્કાર વિજેતા એંન્જેલિના જોલીનો પણ સમાવેશ થાય છે. આ સ્પર્ધામાં નરેન્દ્ર મોદી એકમાત્ર ભારતીય છે.

● નરેન્દ્ર મોદીની દિશા અને કોંગ્રેસની દશા...

તુલીકા ફેઈમ દશા બદલીએ... એ પ્રચાર સૂત્રનો ઉપયોગ ભારતના પાંચ રાજ્યોની ચૂંટણીના પરિણામો પછી કરી શકાય તેમ છે, કારણ કે આ સૂત્ર ભાજપ અને કોંગ્રેસ એમ બન્ને પક્ષને લાગુ પડે છે. ગુજરાતમાં તો આ સૂત્ર કોંગ્રેસને માથામાં વાગ્યું છે, હવે ચાર મુખ્ય રાજ્યો મધ્યપ્રદેશ, રાજસ્થાન, છત્તીસગઢ અને દિલ્હીમાં આ સૂત્ર કોને માથામાં વાગે છે તે પરિણામ પછી ખબર પડી શકશે.

ટીવી ચેનલોએ આ ચારેય રાજ્યો ભાજપને આપી દીધાં છે પણ કોંગ્રેસ માનવા તૈયાર નથી. કોંગ્રેસના એક નેતા કહે છે કે દિલ્હી અને રાજસ્થાનની સાથે અમે એમપી અને છત્તીસગઢમાં વિજય હાંસલ કરીશું. ૮મી ડિસેમ્બરે ફેસલો આવવાનો છે...!! પોલિટીકસમાં રસ ધરાવતા એક સિનિયર અધિકારી કહે છે કે આ ચાર રાજ્યોના પરિણામો મોદીની દિશા અને કોંગ્રેસની દશા નક્કી કરશે.

● હતાશ મધ્યમવર્ગ મોદીની સાથે...

ભારતની નાજૂક બનેલી આર્થિક સ્થિતિનો સીધો ભોગ મધ્યમવર્ગ બન્યો હોઈ તે ભાજપની આભામાં અને મોદીની દિશામાં ફંટાયો હોવાનું એક ચોંકાવનારૂ સંસોધન થયું છે. આ વર્ગને મોદીમાં આશાનું કિરણ દેખાય છે એટલે જ વિવિધ રાજ્યોમાં મોદીને સહાનુભૂતિ મળી રહી છે. યુપીએ સરકારમાં આર્થિક નિતીશાસ્ત્રના નિષ્ણાંતો હોવા છતાં મંદી અને કંગાળ બનેલી સ્થિતિને સુધારી શક્યા નથી તે આશ્ચર્યજનક છે.

પોલિટીકલ ઈકોનોમિક્સના પૂર્વ પ્રાધ્યાપક ઘનશ્યામ શાહનું તારણ છે કે 'રણમાં ભટકેલું હરણ તરસથી પોતાની સમજણ શક્તિ ગુમાવી મૃગજળ પાછળ દોટ મૂકે છે તેમ આ દેશનો મધ્યમવર્ગ મોદીના મૃગજળમાં ફસાયો છે.' આ એક એવો વર્ગ છે કે જેને આવક અને જાવકના બે છેડા ભેગા કરવાની ચિંતા છે. મોંઘવારીના સમયમાં પરિવારનું ગુજરાન ચલાવવા બજેટ ઓછું પડી રહ્યું છે. ચાર સભ્યોના ઘરને ચલાવવા માટે ૨૦૦૦ની સાલમાં ૧૦ હજાર રૂપિયાની જરૂર હતી તે આજે ૨૦૧૩માં વધીને ૨૦ હજાર રૂપિયા થઈ ચૂકી છે...!!

● જે નામમાં N કે R હશે તે પ્રાઇમ મિનિસ્ટર બનશે...

કોઈપણ દેશના વડાપ્રધાન કે પ્રેસિડેન્ટ બનવું એક ગૌરવદ સ્થાન છે. નસીબદાર વ્યક્તિને આ પદ ઉપર બેસવા મળે છે. અંગ્રેજીના N અને R મૂળાક્ષરની તેમાં કમાલ છે. ભારતના વડાપ્રધાન જોઈએ તો ગુલઝારીલાલ નંદા, લાલ બહાદુર શાસ્ત્રી, જવાહરલાલ નહેરૂ, મોરારજી દેસાઈ, ઈન્દિરા ગાંધી, હરદનહલી દેવગૌડા, ચંદ્રશેખર, ઈન્દરકુમાર ગુજરાલ, રાજીવ ગાંધી, અટલબિહારી વાજપેયી અને ડો. મનમોહન સિંહ તમામના નામમાં N કે R અંગ્રેજી મૂળાક્ષર છે.

ભારતના હવે પછીના વડાપ્રધાનમાં પણ N કે R મૂળાક્ષર હોવો જોઈએ અને આ મૂળાક્ષર કોંગ્રેસમાં રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી અને મિરાંકુમારના નામમાં છે. મુલાયમ કે માયાવતીના કોઈ ચાન્સ નથી. સુષ્મા પણ બની શકે તેમ નથી, જ્યારે ભાજપમાં નરેન્દ્ર મોદીના નામમાં આ મૂળાક્ષર આવે છે. એ જ પ્રમાણે લાલકૃષ્ણ અડવાણી, મુરલી મનોહર જોષી કે અરૂણ જેટલી થઈ શકે છે. એનડીએના સહયોગી નિતીશકુમાર પણ વડાપ્રધાનની રેસમાં છે તેમના નામમાં પણ N આવે છે.

● મોદી માટે દિલ્હીમાં બનીયન ટ્રી...

ભાજપના વડાપ્રધાનના ઉમેદવાર બન્યા પછી ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી માટે પાર્ટીના સિનિયર નેતાઓ અટલ બિહારી વાજપેયી અને લાલકૃષ્ણ અડવાણી બનિયન ટ્રી બન્યા છે. અટલ બિહારી વાજપેયી તો અસ્વસ્થ તબિયતના કારણે સક્રિયતા બતાવી શકતા નથી પણ અડવાણી હજી રાજકારણમાં સક્રિય છે. સૂત્રો કહે છે કે લોકસભાની ચૂંટણીમાં અડવાણીની સલાહ લઈને પાર્ટી આગળ વધી રહી હોવાનો દાવો કરવામાં આવે છે.

ગુજરાતમાં ૨૦૦૧માં જ્યારે નરેન્દ્ર મોદીની નેતાપદે વરણી થઈ ત્યારે પાર્ટીના સંમેલનમાં તેમણે પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ અને સુરેશ મહેતાને સારથી કહ્યા હતા. મોદીએ તેમના સંબોધનમાં કહ્યું હતું કે 'મહાભારતમાં યુદ્ધવીર અર્જુન પાસે ભગવાન શ્રીકૃષ્ણ સારથી હતા. મારે તો આ બન્ને વડીલો બે સારથી છે, તેમની છત્રછાયામાં, તેમની સલાહ પ્રમાણે ગુજરાતનું શાસન ચલાવીશ.' આજે સ્થિતિ એવી છે કે આ બન્ને દિગ્ગજ નેતાઓ ભાજપમાં રહ્યા નથી.

ટચૂકડી જાહેર ખબર

ભાડે આપવાની છે
કલોલ અને માણસાની વચ્ચે પરબતપુરામાં (પૂંજાપરા) મોકાની ગોડાઉન લાયક જગ્યા
મો. નં. ૯૮૨૪૦ ૨૦૩૨૩

પ્લોટ અને ફ્લેટ વેચવાના છે
ઘ-૬ કોર્નર, સે. ૨૮માં ૨ ૩૫ વારનો પ્લોટ ત